ક્રમાંક:રાપબો/ ખા.પ/૨૦૨૪/ ૧૦૭૦૮-૧૦૭૪૨

રાજ્ય પરીક્ષા બોર્ડગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા: ૧૮/૧૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજય

વિષય :- તા.૨૧ અને ૨૨ ડીસેમ્બરના રોજ યોજાનાર બિન સરકારીઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્કની લોઅર લેવલ અને સિનિયર કલાર્કની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાના સમયપત્રક બાબત.

સંદર્ભ:-(૧)જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મ-ઉ.મા.શ.બિનશૈક્ષણિકકર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૬૮૯-૮૭૨૫, તા.૧૭/૧૦/૨૦૨૪
(૨) જાહેરનામા:ક્રમાંક:બિ.સ.અનુ.મા-ઉ.મા.શ.બિનશૈક્ષણિક કર્મચારી/ખા.પ/૨૦૨૪/૮૭૨૬૮૭૬૨,તા.૧૭/૧૦/૨૦૨૪
(૩) પરિપત્ર ક્રમાંક: રાપબો/ખા.પ/૨૦૨૪/૧૦૩૬૮-૧૦૪૫૮, તા.૭/૧૨/૨૦૨૪

શ્રીમાન,

ઉપરોકત વિષયમાં જણાવવાનું કે , સંદર્ભ-૨ અને ૩ જાહેરનામાં સંદર્ભે બિન સરકારીઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ જુનિયર કલાર્કની લોઅર લેવલ અને સિનિયર કલાર્કની હાયર લેવલની ખાતાકીય પરીક્ષા સંદર્ભ -૩ થી તારીખ- ૨૧ અને ૨૨ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ લેવામાં આવનાર છે. આ પરીક્ષાની હોલટિકિટ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ બપોર ૩.૦૦ વાગ્યાથી ચાલુ કરવામાં આવેલ છે.

આ પરીક્ષાની હોલટિકિ સંદર્ભમાં આપને જણાવવાનું કે, ઉમેદવારોની હોલટિકિટની સમયની વિગતમાં પેપર-૧ અને ૩માં સવારના ૧૦.૦૦ થી ૦૧.૦૦ અને પેપર-૨ અને ૪માં બપોરના ૩.૦૦ થી ૬.૦૦ એમ દર્શાવેલ છે.પરંતુ પેપર નં-૪ જ માત્ર ૩ કલાકનું છે. અન્ય ૧ થી ૩ પેપરો ૨ કલાકના છે તે મુજબ ઉમેદવારોને જાણ કરવા વિનંતી.

આ પરીક્ષાના જાહેરનામાઓ મુજબ પરીક્ષાનો સમય નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | તારીખ | સમય | | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર ૧ - શાળા સંબંધી કાયદાઓ અને જોગવાઈઓ (પુસ્તક સાથે) | ૨૧/૧૨/૨૦૨૪ | ૧૧.૦૦ થી ૧.૦૦ | ૨ કલાક | ૧૦૦ |
| ૨ | પ્રશ્નપત્ર ૨ - નાણાકીય બાબતો (પુસ્તક સાથે ) | ૨૧/૧૨/૨૦૨૪ | ૩.૦૦ થી ૫.૦૦ | ૨ કલાક | ૧૦૦ |
| ૩ | પ્રશ્નપત્ર ૩ - પ્રકીર્ણ (પુસ્તક સાથે ) | ૨૨/૧૨/૨૦૨૪ | ૧૧.૦૦ થી૧.૦૦ | ૨ કલાક | ૧૦૦ |
| ૪ | પ્રશ્નપત્ર ૪ -ગુજરાતી- અંગ્રેજી ભાષા તથા કચેરી કાર્યપધ્ધતિ (પુસ્તક વિના ) | ૨૨/૧૨/૨૦૨૪ | ૩.૦૦ થી ૬.૦૦ | ૩ કલાક | ૧૦૦ |

આપના તાબાની કચેરીઓ ખાતેના સંબંધિત ઉમેદવારોને ઉકત સમય પત્રક મુજબ અત્રેની કચેરી દ્વારા હોલટિકિટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉકત સમય મુજબ પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. જે અંગેની જાણ આપની કક્ષાએથી કરવા સંબંધિત કચેરીઓ તેમજ સંબંધિત ઉમેદવારોને કરવજણાવવાનું થાય છે.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર